| | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા . | ૨૭/૦૮/૨૦૧૧ |
| રજુ કર્યા તા. | ૨૭/૦૮/૨૦૧૧ |
| ફેંસલ કર્યા તા. | ૧૦/૦૭/૨૦૨૩ |
| સમય મર્યાદા | વર્ષ– માસ– દિવસ– |

सत्यमेव जयते

**મે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે ,કોર્ટ નં. ૦૧, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. :–૨૭૮/૨૦૧૧**

ફરીયાદી :– સ ર કા ર

વિરુધ્ધ.

આરોપી :– (૧) હસમુખભાઈ બુધાલાલ ચુનારા, ઉ.વ. ૪૭,

(૨) રવિભાઈ હસમુખ ભાઈ ચુનારા ઉ.વ.૧૯, (એબેટ),

બંને આરોપી રહે.૨૩,પ્રાર્થના નગર રો હાઉસ ,

રંગોલી નગરની બાજુમાં, નારોલ કોર્ટ પાછળ, અમદાવાદ

**ગુન્હો:–ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૧૧૪ તથા બી.પી.એકટ ૧૩૫(૧) મુજબ.**

**સરકાર તરફે : વિ. એ.પી.પી. કુ એમ.એ.મેકવાન**

**આરોપી તરફે : વિ. વ. શ્રી ડી.બી.ગૌસ્વામી**

**–// જજમેન્ટ//–**

(૧)ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ભેગા મળી તા.૨૫/૧૧/૨૦૧૦ ના કલાક ૦૯:૦૦ વાગેના સુમારે રંગોલીનગરના નાકે મહાકાળી પાર્લર પાસે જાહેરમાં આ કામના ફરીયાદી ઉભેલા હતા તે વખતે આરોપીઓએ અગાઉની અદાવત ને લીધે ફરીયાદી સાથે ઝઘડો કરી ગંદી ગાળો બોલી આરોપી નં. (૧) નાએ તેના હાથમાંની લાકડી થી ફરીયાદીને જમણા હાથના બાવડા ઉપર મારી તથા નં.(૨) નાએ તેના

હાથમાંની પાઈપ ફરીયાદીને ડાબા હાથના કાંડાના પાસે મારી ઈજા કરી હાથના ભાગે ફ્રેકચર કરેલ હોય ગુનો કરેલ હોવાની ફરીયાદ આપતા વટવા પો.સ્ટે. માં ફ.ગુ.રજી.નં. ૩૦૩/૧૦ થી નોંધાતાં અને આગળની તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૧૧૪ તથા બી.પી.એકટ ૧૩૫(૧) મુજબનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીઓને સમન્સ કરતા બજી જતાં હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડી મારા પુરોગામી ન્યાયધીશશ્રી એ આંક–૦૬ થી તહોમતનામું ફરમાવી આંક–૦૭ થી આંક–૦૮ નિવેદન લેતાં આરોપીઓએ ગુનો કબુલ ન હોવાનું જણાવતાં ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે ફરીયાદ હકીકત પુરવાર કરવા સારૂ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

**–: <u>ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો</u> :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૧૭ | ફરીયાદી મુકેશ ઉદેસીંગ ચુનારા ની જુબાની |
| ૨. | ૨૪ | સાહેદ અમરીશભાઈ ચંદુભાઈ રાણા ની જુબાની |
| ૩ | ૨૫ | સાહેદ મુકેશભાઈ રુપાભાઈ સોલંકી ની જુબાની |
| ૪ | ૨૭ | સાહેદ ડો. શૈલેષ કનુભાઈ પ્રજાપતિ ની જુબાની |
| ૫ | ૨૯ | ત. ક. અ. શ્રી જેશીંગભાઈ સરુભાઈ પટેલીયાની જુબાની |

**–: <u>ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો</u> :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૦ | ફરીયાદ |
| ૨. | ૨૮ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૩ | ૩૦ | ગુનાવાળી જગ્યા નું પંચનામું |
| ૪ | ૩૧ | મુદામાલ રીકવરી નું પંચનામું |

ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લઈ આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે નું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો હોય તેમનું વિશેષ નિવેદન નોધવામાં

આવેલ છે  જેમાં આરોપીઓએ તેમની સામેના આક્ષેપોનો સદંતર ઈનકાર કરેલ છે.

(૪) ત્યારબાદ બંને પક્ષો ના વિધ્વાન વકીલશ્રીઓની  વિગતવાર દલીલો સાંભળી.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારૂ નીચેના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદૃાઓ :-**

| | |
|---|---|
| ૧ | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ભેગા મળી તા.૨૫/૧૧/૧૦ ના કલાક ૦૯:૦૦ વાગેના સુમારે રંગોલીનગરના નાકે મહાકાળી પાર્લર પાસે જાહેરમાં આ કામના ફરીયાદી ઉભેલા હતા તે વખતે આરોપીઓએ  અગાઉની અદાવત ને લીધે ફરીયાદી સાથે ઝઘડો કરી ગંદી ગાળો બોલી આરોપી નં. (૧) નાએ તેના હાથમાંની લાકડી થી ફરીયાદીને જમણા હાથના બાવડા ઉપર મારી તથા નં.(૨) નાએ તેના હાથમાંની પાઈપ ફરીયાદીને  ડાબા હાથના કાંડાના પાસે મારી ઈજા કરી હાથના ભાગે ફ્રેકચર કરેલ હોય ગુનો કરેલ  ઈ.પી.કો. કલમ- ૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૧૧૪ તથા બી.પી.એકટ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમત માં  કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૬) ઉપરોકત મુદૃાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-//કા ર ણો//-**

(૭) આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરિયાદી મુકેશ ઉદેસિંહ ચુનારા તેઓની આંક-૧૭ ની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તમો આરોપીઓને આઠેક વર્ષથી ઓળખે છે તેઓ પ્રેરણા નગરમાં રહેતા હતા ત્યારે અજીતભાઈની છોકરી પ્રિયંકા તેઓને ત્યાં આવતી જતી અને તેની સાથે તેઓને પ્રેમ સંબંધ થયેલ અને તેને બે-ત્રણ વર્ષ પહેલા ભગાડીને લઈ ગયેલ અને બનેવી પ્રિયંકાને તેના ઘરે મુકી આવેલ તે વખતે કાંઈ બનેલ નહીં. ફરીયાદ વાળો બનાવ તા.૨૫.૧૧.૨૦૧૦ ના રોજ સાડા આઠથી દસના ગાળામાં

રંગોળનગર, મહાકાળી પાન પાર્લર પાસે તેઓ નોકરીનો ટાઈમ થઈ ગયેલ હોય તેથી ત્યાં ગયેલ અને ત્યાં ઉભા હતા ત્યારે હસમુખભાઈ જે પ્રાથના નગરમાં રહે છે ત્યાથી નીકળેલ અને ગાળો આપવા લાગેલ જેથી ગાળો કેમ બોલો છો તેમ કહેતા તેઓએ કહેલ કે, તું અહીંયા જ ઉભો રહે હું આવું છું ત્યારબાદ દસ પંદર મિનીટ રહીને તેઓ તથા તેમનો દિકરો જે બન્ને કોર્ટમાં હાજર છે તે આવેલ અને હસમુખભાઈએ લાકડી મારી જમણો હાથના બાવળાના લાગે પાડી દીધેલ અને રવીએ મને પાછળ માથામાં મારવા જતા ડાબો હાથ ઉંચો કરેલ અને કાંડા પાસે પાઈપ વાગી ગયેલ અને ફરીયાદી ભાગી ગયેલ અને રંગોળી નગરની પાછળ પહોંચેલ અને ત્યાંથી મિત્ર જયેશને મોબાઈલમાંથી ફોન કરેલ અને હોસ્પિટલ લઈ ગયેલ ત્યાં હાડકાના વિભાગમાં દાખલ કરેલ તેઓના હાથ તુટી ગયેલ જે બનાવ અંગે ફરીયાદ આપેલ જેની ઝેરોક્ષ નકલ બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે આંક–૧૮ થી રજુ છે તેમજ મુદ્દામાલ પાઈપ અને લાકડી ઓળખી બતાવેલ છે

બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરતાં જણાવેલ છે કે તેઓ હસમુખભાઈની છોકરીને લઈને ભાગી ગયેલ તે અંગેની હસમુખભાઈએ ફરીયાદ કરેલ તેમજ તા.૩૧/૩/૧૦ ના રોજ તેઓ હસમુખભાઈ ની છોકરીને લઈને ભાગી ગયેલ તેમજ એ વાત ખરી છે કે તે વખતે તેમની ઉમંર અઢાર વર્ષની હતી તેમજ હસમુખભાઈની છોકરી નામે પ્રિયંકાની ઉમંર પંદર વર્ષની હતી તે લઈને ભાગી ગયા પછી બે દિવસ બહાર રહેલ પછી તેમના બનેવી પ્રિયંકાને હસમુખભાઈના ઘરે જઈને સોપી દીધેલ તેમજ તેમના બનેવીનું નામ જીતુભાઈ છે . તેમજ તા.૦૧.૦૪.૨૦૧૦ ના રોજ હસમુખભાઈ વટવા પોલીસ સ્ટેશનમાં તેમની દીકરીને લઈને ભાગી ગયેલ તે બાબતે અરજી કરેલ જેમાં હસમુખભાઈ એ તેઓ અને તેમના માતા અલકાબેન ધંધો કરતા હોવાની હકીકત લખાવેલ અલકાબેનને બે વખત પાસા થયેલ તેમના વિરુઘ્ધ બે કેસો થયેલા. એ વાત ખરી છે કે હસખુમભાઈની દીકરીને હસમુખભાઈ ના ઘરે મુકવા તેમના બેન રમીલાબેન પણ ગયેલ તેમજ હસમુખભાઈના લગ્ન થઈ ગયેલ છે અને તે તેની સાસરીમાં રહે છે તેમજ હસમુખભાઈ ની બીજી દીકરી સેજલને તેઓ ઓળખે છે તેમજ બનાવ સમયે બે–ત્રણ જણા હાજર હતા તેમજ હાજર ઈસમોમાં ખેમચંદ સોલંકી, મુકેશ સોલંકી હાજર હતા જયારે જયેશ પટેલ સાથે હતો તે બનાવ પહેલા જતા રહેલ અને હાલ તેઓ ગુજરી ગયેલ છે. હસમુખભાઈએ જણાવેલ કે તું ઉભો રહે હું ઘરે જઈને આવું છું ઘરે જઈને આવું તો તેઓને બીક લાગેલ નહીં અને ઉભા રહેલ અને ભાગી જવાનો પ્રયત્ન

કરેલ નહીં. બનાવ સવારે આઠથી નવ વાગ્યે બનેલ અને ત્યાં પાંચ દસ મીનીટ રોકાયેલ. પછી રંગોલીનગરમાં જતા રહેલ. ૧૦૮ ને જયેશ પટેલએ ફોન કરેલ જે સાડા આઠેક વાગ્યે આવેલ અને નવ વાગ્યે એલ. જી. હોસ્પિટલ પહોંચેલ. ડોકટરએ પુછપરછ કરતા તેઓએ પોતાના મોઢાથી બનાવની વિગત જણાવેલ. તેઓ જયાં ઉભા હતા ત્યાં પાછળથી મારવાનું ચાલુ કરેલ અને કોણ શું લઈને આવેલ તે ખબર પડેલ નહીં તેમજ બનાવ સમયે તેઓ તેઓના મમ્મી સાથે રહેતા હતા. ફરીયાદ લખાવ્યા બાદ પોલીસ સ્ટેશન જવાનું થયેલ નહીં. બનાવવાળી જગ્યા ઉબડ ખાબડ રસ્તો આવેલ છે અને હાલમાં પણ રોડ નથી. તેમજ બનેવીના કહેવાથી પ્રિયંકાને સોંપી દીધેલ તેવું જણાવેલ છે.

સદર કામે આંક–૨૪ થી પંચસાહેદ અમરીશભાઈ ચંદુભાઈ રાણાને સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૧૧ માં તેઓ શારદાસ્કુલની સામે હંસપાર્ક ઈસનપુર મુકામે રહેતા હતા તેમજ ફરીયાદી મુકેશભાઈને ઓળખતા નથી તેમજ આરોપીને ઓળખતા નથી. સને–૨૦૧૧ માં નારોલ પોલીસ ચોકી પાસે સોડાનો ટેમ્પો ઉભો રાખતા હતા તે સમયે પોલીસ સ્ટેશનમાં બોલાવી લખેલા કાગળમાં સહી કરાવેલ તે સિવાય બીજું કાઈ જાણતા નથી. પંચનામાની નકલ બતાવતા તેમાં પંચ નં.૨ તરીકે પોતાની સહી છે તેમજ એવું બનેલ નથી કે શરીર સ્થિતીનું પંચનામું તથા ગુનામા વાપરેલ લાકડી નું પંચનામું તેઓની હાજરીમાં કરી સહી કરાવેલ તેવું જણાવેલ છે.

સદર પંચસાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, પોલીસએ મારી તૈયાર પંચનામામાં સહી કરાવેલ.

સદર કામે આંક–૨૫ થી સાહેદ મુકેશભાઈ રૂપાભાઈ સોલંકીને સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી મુકેશભાઈને તેમજ આરોપીને ઓળખતા નથી તેમજ બનાવ વિશે કાંઈ જાણતા નથી તેમજ પોલીસએ રંગોલી નગરમાં ઝઘડો થયેલ હોવાનું જણાવી સહી કરાવેલ અને કોની વચ્ચે ઝઘડો થયેલ તે જણાવેલ નથી. તેઓ પાનનો ગલ્લો ચલાવે છે અને બનાવના દિવસે ગલ્લો બંધ હતો. બીજા દિવસે પોલીસએ સહી કરાવેલ. સદર પંચસાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ ગલ્લા ઉપર હાજર હોય અને તેઓની હાજરીમાં બનાવ બનેલ હોય તેવું બનેલ નથી.

સદર કામે આંક–૨૭ થી ડોકટર શૈલેષ કનુભાઈ પ્રજાપતિને સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૫.૧૧.૨૦૧૦ ના રોજ બપોરે એક કલાકે દર્દી મુકેશ ઉદેસિંગ ચુનારાને એલ. જી. હોસ્પિટલ ખાતે આઉટડોર રજી નં.૩૫૦૦ તથા ઈન્ડોર રજી. નં.૧૯૭૭૫ થી દાખલ કરી અંદરના દર્દી તરીકે સારવાર આપવામાં આવેલ તેમજ દર્દીની તપાસ ડો.મોહીત ધ્વારા કરવામાં આવેલ. દર્દીએ આપેલ હીસ્ટ્રી મુજબ તા.૨૫.૧૧.૨૦૧૦ ના સવારે નવ કલાકે નારોલ પાસે રોડ અકસ્માત થયેલ હતો, દર્દીને શરીરના બન્ને હાથના ભાગે ઈજા થયાની ફરીયાદ હતી, તપાસતાં દર્દીને દુખાવો તથા સોજો આવીગયાનું જોવા મળેલ એકસ–રે કરાવેલ જેમાં એકસ–રે નં.૧ દર્દીને ડાબા હાથના અલના નામના હાડકાનું ડીસ્ટલ ૧/૩ ભાગનું ફ્રેકચર જોવા મળેલ. દર્દીને તા.૨૬.૧૧.૨૦૧૦ ના રોજ નં.૧ હયુમરસ પ્લેટીંગ તથા નં.૨ અલના નેલીંગ નામનું ઓપરેશન કરવામાં આવેલ. દર્દીને ઈન્ડોર સારવાર આપી તા.૩૦.૧૧.૨૦૧૦ ના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ, સદર સર્ટીફીકેટ ડો. મોહીત ધ્વારા લખવામાં આવેલ તથા સર્ટીમાં તેઓની સહી છે જે સહી તેઓ ઓળખે છે જે સર્ટીફીકેટ આંક–૨૮ થી રજુ છે તેમજ ડો. મોહીત છેલ્લા દસ વર્ષથી એલ. જી. હોસ્પિટલમાં ફરજ બજાવતા નથી તેમજ મેડીકલ સર્ટી. મુજબ આર. ટી. એ. મતલબ રોડ ટ્રાફીક એકસીડન્ટ થાય છે તેવું જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, દર્દીને થયેલ ઈજાઓ અકસ્માતથી થયેલી છે તેમજ કોઈએ માર મારેલ હોય તો આવા પ્રકારની ઈજાઓ થઈ શકે નહીં.

સદર કામે આંક–૨૯ થી ત. ક. અ. શ્રી જેશીંગભાઈ સરુભાઈ પટેલીયાને સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, વર્ષ–૨૦૧૦ માં તેઓ વટવા પો. સ્ટે. માં પો. સ. ઈ. તરીકે ફરજ બજાવતાં હતા તે અરસામાં તા.૨૫.૧૧.૨૦૧૦ ના રોજ ફરીયાદી મુકેશ ચુનારા નાઓએ એલ. જી. હોસ્પિટલમાંથી આરોપીઓ વિરૃધ્ધ એક ફરીયાદ હકીકત જાહેર કરેલ કે, કલાક ૦૯:૦૦ વાગ્યાના સુમારે રંગોલીનગરના નાકે, મહાકાલી પાર્લર પાસે જાહેરમાં ફરીયાદી ઉભા હતા તે સમયે અગાઉની અદાવતને લીધે ફરીયાદી સાથે ઝઘડો કરી ગાળો બોલી આરોપી નં.૧ હસમુખ નાએ લાકડીથી

ફરીયાદીને જમણા હાથના બાવડા પર મારી તથા આરોપી નં.ર રવીભાઈએ પાઈપથી ડાબા હાથના કાંડા પાસે ઈજા કરી હાથના ભાગે ફ્રેકચર કર્યા વિગેરે બાબતની ફરીયાદ હકીકત જાહેર કરેલ જે ફરીયાદ વટવા પો. સ્ટે. ગુ. ર. નં.૩૦૩/૨૦૧૦ થી ઈ. પી. કો. કલમ–૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૧૧૪ તથા બી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો દાખલ થઈ તપાસ તેઓની તરફ આવતા સંભાળી લીધેલ તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી તેમાં રૂબરૂ માં પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવેલ છે જે આંક–૩૦ થી રજુ છે તેમજ મુદ્દામાલ રીકવરીનું પંચનામું કરેલ તેમજ તેમાં પોતાની તેમજ પંચોની સહી ઓળખી બતવેલ છે. જે આંક–૩૧ થી રજુ છે. તપાસ મળતાં સાહેદ મહેશ, અમરીશ, મુકેશભાઈ રૂપાભાઈ, પવનભાઈ, પીન્ટુ, સવિતાબેન નાઓના નિવેદન લખાવ્યા મુજબ લખી લીધેલ તેમજ ફરીયાદીની સારવાર અંગેનું સર્ટીફીકેટ મેળવેલ જે આંક–૨૮ થી રજુ છે તેમજ તમો આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ તેમજ આરોપીઓને ઓળખે છે જે કોર્ટમાં હાજર છે તે જ છે તેવું જણાવેલ છે.

ત. ક. અ. શ્રીની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ વટવા પોલીસ સ્ટેશનમાં સાડા ચાર વર્ષ નોકરી કરેલ અને તે વિસ્તારથી પરીચીત છે તેમજ ફરીયાદ લઈ તપાસની કામગીરી કરેલ તેમજ તેઓને વર્ધી મળ્યા બાદ તપાસ ચાલુ કરેલ અને દસેક વાગ્યે હોસ્પિટલ પહોંચેલ ત્યારે ફરીયાદ હાજર હતાં અને સાથે મિત્ર જયેશ હતા ત્યારબાદ પો. સ્ટે. ગયેલા ત્યારે એક કોન્સ્ટેબલ સાથે હતાં અને ફરીયાદ તેઓના રાઈટરએ લખેલી અને નીચે તેઓએ સહી કરેલી. હોસ્પિટલ બાઈક લઈને ગયેલા અને ફરીયાદ લીધા બાદ પો. સ્ટે. માં ૩–૪ કલાક રોકાયેલ તેમજ પો. સ્ટે. થી ગુનાવાળી જગ્યા આશરે ત્રણેક કીલોમીટર જેટલું અંતર થાય છે. પાંચેક મીનીટ પછી પંચનામું લખવાનું શરૂ કરેલ અને અડધો કલાક ચાલેલ. આરોપીને તા.૨૩.૧૧ .૨૦૧૦ ના રોજ એરેસ્ટ કરેલા તેવું જણાવેલ છે.

આ કામે ફરીયાદીની જુબાની જોતા આરોપી રવિભાઈ એ લાકડી મારેલાનું જણાવેલ છે પરંતુ આ કામે અન્ય તપાસવામાં આવેલ સાહેદોની જુબાની જોતા આંક– ૨૪ ના સાહેદ અમરીશભાઈ ચંદુભાઈ રાણા ની જુબાની મુજબ તેઓએ તૈયાર પંચનામા માં સહી કરેલ છે એટલે કે તેઓ પંચનામા માં સહી સિવાય કંઈ જાણતા નથી.આ કામે આંક– ૨૫ ના સાહેદ જુબાની મુજબ બનાવ સમયે તેઓ ગલ્લા પર હાજર હતા બનાવ સ્થળે તેઓ હાજર

ન હતા. આ કામે ડો. શૈલેષ કનુભાઈ પ્રજાપતિ ની જુબાની જોતા તેઓએ જણાવેલ છે કે તા. ૨૫/૧૧/૧૩ ના રોજ દર્દી મુકેશ ઉદેસિંહ ચુનારા ને તેઓએ સારવાર કરેલી જેમાં તા.૨૫/૧૧/૨૦૧૦ ના રોજ સવારે ૯:૦૦ કલાકે રોડ પર અકસ્માત થયેલો હતો. આ દર્દી ને શરીરના બંને હાથે ઈજા થયેલ હતી. જેમાં ડાબા હાથના અલના નામના હાડકા ને ફ્રેકચર થયેલ હતું જે મેડીકલ સર્ટીફીકેટ આંક– ૨૮ થી રજુ કરેલ છે. આ ડોકટરની ઉલટતપાસ જોતા દર્દીને થયેલ ઈજાઓ અકસ્માતથી થયેલ છે અને કોઈ એ માર મારેલ હોય તેવા પ્રકારની ઈજા નહતી. આમ ફરીયાદી ધ્વારા જે ફરીયાદ આપવામાં આવેલ છે તેમાં આરોપી ધ્વારા ઈજા કરેલાનું જણાવેલ છે પરંતુ ફરીયાદીએ જે સારવાર લીધેલ છે તે સારવાર મુજબ ડોકટર રૂબરૂ ફરીયાદી પોતે એમ જણાવેલ છે કે તેઓને અકસ્માત થી ઈજા થયેલ છે આમ આ કામના આરોપી ધ્વારા ફરીયાદીને ઈજા કરવામાં આવેલ હોય તેવી હકીકત માની શકાય તેમ નથી. ફરીયાદીને તેના સમર્થનમાં અન્ય કોઈ સાહેદો સમર્થન કરતા નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી મુદ્દાનં.૧ નકારમાં ઠરાવી મુદ્દાનં.૨ અન્વયે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**-// હુ ક મ //-**

(૧)આરોપી નામે હસમુખભાઈ બુધાલાલ ચુનારા ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૩૨૫,૨૯૪(ખ) ૧૧૪ તથા બી.પી.એકટ ૧૩૫(૧) મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭–એ મુજબ વધુમાં વધુ છ માસ સુધી અસ્તિત્વમાં રહેલ તે અર્થે આરોપીએ રૂા.૫૦૦૦/–પુરાના જામીન તથા જાતમુચરકા તરત ની અપીલ અદાલતમાં હાજર રહેવા સંબંધે રજુ કરવા.

(૩) રવિભાઈ હસમુખ ભાઈ ચુનારા નાઓ મરણ ગયેલ છે.

(૪) આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદામાલ નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૦/૦૭/૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date. /04/2023** **(MR.B.P.Mahida)**

Place:AHMEDABAD

GJ-01122
ADDI.CHIEF METROPOLITAN MAGI
COURT NO.1,AHMEDABAD